# રાજ્યમાં 'આઝાદી કા અમૃત મહોત્સવ' ધામધૂમથી ઉજવાશે

## ગુજરાતના આંગણેથી ૧૨મી માર્ચે વડાપ્રધાનના હસ્તે થશે ઉજવણીનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૯

ભારતની સ્વતંત્રતા-આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસર આઝાદી કા અમૃત મહોત્સવની રાષ્ટ્રવ્યાપી ઉજવણીનો તા.૧૨મી માર્ચથી અમદાવાદના સાબરમતી આશ્રમથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી પ્રારંભ કરાવશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાતથી આ ઉજવણીના પ્રારંભના ઐતિહાસિક અવસરને રાષ્ટ્રચેતના સભર ઉત્સવ બનાવવાના આયોજનને ઓપ આપવા રાજ્યકક્ષાની સમિતિની પ્રથમ બેઠક ગાંધીનગરમાં યોજી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ બેઠકના અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરતાં સ્પષ્ટપણે નિર્ધાર વ્યકત કર્યો કે, સ્વતંત્રતા સંગ્રામમાં મહત્વની ભૂમિકા નિભાવનારૂં ગુજરાત 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની પણ ગરિમાસભર ઉજવણી કરવા કૃતસંકલ્પ છે.

તેમણે આ સંદર્ભમાં કહ્યું કે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ સાબરમતી આશ્રમથી તા.૧૨મી માર્ચે ૧૯૩૦ના યોજેલી દાંડીયાત્રાની સ્મૃતિને વર્તમાન સમયમાં ઊજાગર કરતાં ૮૧ પદયાત્રીઓની સાબરમતી આશ્રમથી દાંડી સુધીની ૩૮૬ કિ.મી. દાંડીયાત્રાથી આ ઉજવણીનો પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી આરંભ કરાવવાના છે.

આ ઉજવણીના આરંભ પ્રસંગે દેશભરમાં અને ગુજરાતમાં પણ એક સાથે ૭૫ સ્થળોએ રાષ્ટ્રપ્રેમ-જનચેતના સભર વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે. આ બધા જ સ્થળોએ પ્રધાનમંત્રીશ્રીની ઉપસ્થિતીમાં યોજાનારા સાબરમતી આશ્રમના કાર્યક્રમનું વર્ચ્યુઅલ પ્રસારણ પણ કરવામાં આવશે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ એમ પણ કહ્યું કે, આઝાદી મેળવવા મરીફિટનારા દેશ પ્રેમીઓનો મંત્ર 'ડાઇ ફોર ધ નેશન' હતો, હવે આપણે 'લીવ ફોર ધ નેશન'ના ધ્યેય સાથે વર્તમાન અને ભાવિ પેઢીમાં રાષ્ટ્રપ્રેમ ભાવના વધુ બળવત્તર બનાવવાની છે.

આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણીમાં આ ધ્યેયને અહેમિયત આપવામાં આવશે એમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

તદઅનુસાર, ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામથી માંડીને આઝાદી મેળવવા સુધીના સંગ્રામની ગાથા નવી પેઢી સમક્ષ ઊજાગર કરવામાં આવશે.

એટલું જ નહિ, દેશની આઝાદી માટે બલિદાન આપનારા સ્વાતંત્ર્ય વીરો સાથોસાથ રાષ્ટ્રની પ્રગતિ-વિકાસમાં યોગદાન આપનારા વ્યક્તિત્વોના વારસાને તેમની સ્મૃતિ સાથે આગળ ધપાવવામાં આવશે.



દેશની આઝાદીના ૭૫ વર્ષમાં ભારતની વિકાસ-પ્રગતિ ક્યાં પહોચી તેના ચિતાર સાથે આવનારા ૨૫ વર્ષમાં એટલે કે આઝાદીની શતાબ્દી સુધીમાં ભારતને વિશ્વગુરૂના સ્થાને બિરાજીત કરવાના લક્ષ્યાંક સાથેના કાર્યક્રમો પણ ઘડી કાઢવામાં આવશે.

## ખૂણેખાંચરેથી

- સે. ૧૧ માં આવેલ પંજાબ નેશનલ બેંકનું એ.ટી.એમ. ખોટવાતાં તેના ગ્રાહકોએ ભારે પરેશાની ભોગવી હતી. જો કે બેંકમાં ફરિયાદ ગ્રાહકોએ કરતાં ઉડાઉ જવાબો મળતાં ગ્રાહકો નારાજ થયા હતા.
- ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે કોંગ્રેસ કાર્યાલય ખાતે યુવક કોંગ્રેસ દ્વારા મોંઘવારી વિરોધી સૂત્રોચ્ચાર કરવામાં આવ્યો હતો.
- રાજ્યની ચાર વીજ વિતરણ કંપનીની તાજેતરમાં વિવિધ સંવર્ગની ૨૯૯૧ જેટલી જગ્યાઓ માટે યોજાયેલ સ્પર્ધાત્મક પરીક્ષાનું પરિણામ જાહેર થયુ છે.
- ૧૨મી માર્ચે માણસાના લોદરા ખાતે "આઝાદી કા અમૃત મહોત્સવ" થીમ હેઠળ જિલ્લાકક્ષાનો કાર્યક્રમ યોજવાની તૈયારીઓ તંત્રએ શરૂ કરી છે.
- ભારત સરકારનું મહિલા આયોગ, રાજ્ય મહિલા આયોગના સંયુક્ત ઉપક્રમે આજે આંબેડકર હોલમાં મહિલા દિનની ઉજવણીનો વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.
- ધો. ૫ થી ૮ માં જિલ્લાની પ્રા. શાળાઓમાં ૪૦ ટકા સરેરાશ બાળકો હાજરી આપી રહ્યા છે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



ભણ્યા પછી આટલા વર્ષ શું કર્યું...? સાચુ કહું તો, ટીકટોક, ઇન્સ્ટા, પબજી, ફેઈસબુકમાંથી નોકરીની એપ્લીકેશન કરવાનોય ટાઈમ નતો મળતો...!!

# પોન્ઝી સ્કિમમાં ગાંધીનગરના નાગરિકોના ૩.૫૦ કરોડથી વધુ ડુબ્યા : ચાર શખ્સો સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૯

મહેસાણા ખાતે એફ.એકસ બુલ્સ તેમજ એફ.એકસ બુલ્સ વેલ્થ મેનેજમેન્ટ નામની કંપનીઓ ઉભી કરીને નાગરીકોને લોભામણી સ્કિમો આપી સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમીનારમાં કંપનીની વિવિધ સ્કિમો તેમજ પ્લાનની જાણકારી આપતા પેમ્ફલેટો છપાવી નગારીકોને એકઠા કરવામાં આવ્યા હતા. નાગરીકોને આર્થિક ફાયદો આપવાની જાહેરાત કરી લલચાવી નાગરીકો પાસેથી વિવિધ કંપનીઓ તેમજ સ્કિમોમાં મોટા આર્થિક રોકાણ કરાવી કંપની બંધ કરી દઈ ફરીયાદી તેમજ તેમના મિત્રો સાથે રૂ.૩,૫૪,૮૦,૭૫૪ વિશ્વાસઘાત છેતરપિંડી આચરી છે. જયારે આરોપીઓએ કૌંભાડ થકી મેળવેલા રૂપીયાથી હારીજ નજીક જમીનો અને મહેસાણા ખાતે ઓફિસો અને મકાનોમાં મુડી રોકાણ કર્યુ હોવાનું ધ્યાને આવ્યું છે. આ લોભામણી લાલચવાળી સ્કિમ ચલાવતા ચાર શખ્સો સામે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨ બી ખાતે રહેતા નિતીરાજ પુરષોતમભાઈ પરમાર (૪૩) ફેબુઆરીમાં ૨૦૧૯માં મહેસાણા ખાતે એફએસકસ બુલ્સ અને એફએકસ બુલ્સવેલ્થ મેનેજમેન્ટના સેમીનારમાં ગયા હતા. જયાં પ્રદિપભાઈ, ઈશ્વરભાઈ અને દિક્ષિત કુમારને મળ્યા હતા. જેઓએ પોતાની કંપનીમાં રૂપીયા રોકીને મોટા આર્થિક લાભ આપવાનું જણાવ્યું હતું. જેને અનુલક્ષી કંપનીમાં વિવિધ તારીખમાં રૂ.૫૯,૩૯,૫૦૦ રૂપીયા જમા કરાવ્યા હતા.જેને અનુલક્ષી તેઓએ કંપનીમા અલગ અલગ તારીખોમાં રૂ.૫૯,૩૯, ૫૦૦ રૂપીયા જમા કરાવ્યા હતા. ત્યારબાદ રૂ.૪૧ લાખ કંપનીના પીએમએસપ્લાન અને રૂ,૧૮,૩૯, ૫૦૦રૂપીયા કંપનીના બી પ્લાનમાં મુક્યા હતા. પીએમએસમાં પૈસા ચાર ટકાના માર્જીનથી પરત કરવાની તેમજ બી પ્લાનમાં મુળ રકમ પ્રથમ છ માસમાં સરખા હપ્તે પરત કરી ૩૦ મહિના સુધી પ્રોફિટ પેટે નાણા આપવાની લાલચ આપી હતી. નિતીરાજભાઈએ રોકેલા રૂપીયા સામે કંપનીએ પ્રથમ ચાર માસ સુધી

● અનુસંધાન પાના ૭ પર

# એપોલો હોસ્પિટલના ગાર્ડનમાં કામ કરતા શ્રમિકનું માર્ગ અકસ્માતમાં મૃત્યુ

ગાંધીનગર,તા.૯

એપોલો સર્કલ પાસે સાઈકલ અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ટ્રકની અડફેટે સાયકલ સવાર નીચે પટકાતા ગંભીર રીતે ઘાયલ થયા હતા. બનાવની જાણ ૧૦૮ ને કરતા તાત્કાલીક પહોંચી ઈજાગ્રસ્તને ગાંધીનગર સિવિલ ખાતે લઈ જવાયા હતા.જયાં ફરજ પરના ડોકટર દ્વારા તેઓને મૃત જાહેર કરાયા હતા. અકસ્માતને પગલે ચાલક ટ્રક મુકીને ભાગી ગયો હતો. મૃતકના દિકરાની ફરીયાદ નોંધી પોલીસે ટ્રક ચાલકને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ એપોલો હોસ્પિટલમાં ગાર્ડનમાં કામ કરતા અને સુઘડ ગામે નવા વાસ ખાતે રહેતા ઉમેદજી ગાંડાજી ઠાકોર મંગળવારના રોજ સવારે સાયકલ લઈને એપોલો સર્કલ તરફ જઈ રહ્યા હતા. ત્યારે અચાનક સર્કલ પાસે ટ્રક ચાલકે તેની સાઈકલને ટકકર મારી હતી. બનાવ અંગે ગ્રામજનોએ ઘરે જાણ કરતા વૃધ્ધ ના પુત્ર રસીકજી દોડી આવ્યા હતા. તેઓએ જોયુ તો સાયકલ અને તેમના પિતા માર્ગ પર પડ્યા હતા. ઈજાગ્રસ્ત ઉમેદજીને ૧૦૮દ્વારા તાત્કાલીક ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. પરંતુ હોસ્પિટલ પહોંચે તે પહેલા જ તેમનું પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. મૃતકના દિકરાએ ટ્રક નં. એમ.એચ.૨૨.એ.એન.-૨૦૦૯ સામે ફરીયાદ નોંધાવી છે. જેથી પોલીસે ફરાર ચાલકની શોધખોળ આદરી છે.

# સે. ૨૮ બ્રહ્માકુમારીઝ દ્વારા મહાશિવરાત્રીએ બરફના અમરનાથ દર્શનનું આયોજન

### આ સાથે આધ્યાત્મિક પ્રદર્શન યોજાશે : તા. ૧૨ થી ૧૪ માર્ચ દરમ્યાન રાજયોગ શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના સેક્ટર-૨૮ ખાતેના બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર દ્વારા મહાશિવરાત્રીના પાવન પર્વની વિશેષ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં શિવ ધ્વરારોહણ, બરફના અમરનાથ જ્યોતિલિંગના દર્શન, સોમનાથ, ડાયમન્ડ શિવલિંગ દર્શન તથા જીવના મૂલ્યદર્શન અધ્યાત્મિક મેળા વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગરમાં તા. ૧૧મી માર્ચ ગુરૂવારના રોજ સેક્ટર-૨૮માં બ્રહ્માકુમારીઝ સેવાકેન્દ્ર ખાતે સવારે ૬ થી ૭.૩૦ દરમ્યાન યોગ, ભોગ અને મુરલી વર્ગ બાદ હ્યુમન રાઈટ્સ કમિશનના નિવૃત્ત એડીજીપી ડૉ. મીરા રામનિવાસ તથા પૂ. કૈલાશદીદી દ્વારા શિવ ધ્વજારોહણ કરવામાં આવશે.

આ સાથે પાપકટેશ્વર મહાદેવ, વિશ્વ નવનિર્માણ આધ્યાત્મિક પ્રદર્શન અને મહાશિવરાત્રીની દિવ્ય ફિલ્મના શોનું ઉદ્‌ઘાટન યોજાશે. સવારે ૮ થી રાત્રે ૯ કલાક દરમ્યાન પાપકટેશ્વર મહાદેવ તથા આધ્યાત્મિક પ્રદર્શન શ્રદ્ધાળુઓ નિહાળી શકશે. આ ઉપરાંત તા. ૧૨ થી ૧૪ માર્ચ દરમ્યાન સવારે ૭.૩૦ થી ૮.૩૦, બપોરે ૪ થી ૫ અને રાત્રે ૭.૩૦ થી ૮.૩૦ દરમ્યાન તણાવમુક્તિ માટે સહજ રાજયોગ શિબિરનું પણ નિઃશુલ્ક આયોજન કરવામાં આવ્યું છે.



ભૂખ્યાં જનનું પેટ ઠારવું તેનાથી મોટી કોઈ સેવા નથી. જેને બે ટંક જમવાનું પુરું નથી મળતું તેવા ગરીબો, વંચિતોને ભોજન પુરું પાડવાની સેવાકીય પ્રવૃત્તિ જલારામ સેવા જલિયાણ દ્વારા કરવામાં આવે છે. મહિલા દિન અન્વયે જલિયાણ સંસ્થા દ્વારા શ્રમિક બાળકો અને શ્રમિક મહિલાઓને ભોજન પુરું પાડવામાં આવ્યું હતું.



## સિવિલ ડિફેન્સની ટીમે વિદ્યાર્થીનીઓને સેલ્ફ ડિફેન્સ શિખવાડ્યું

ગાંધીનગર હોમિયોપેથી કોલેજમાં સિવિલ ડિફેન્સના ટ્રેઈન્ડ ઈન્સ્ટ્રક્ટર પી.ડી. શ્રીમાળી દ્વારા વિદ્યાર્થીનીઓને સેલ્ફ ડિફેન્સની તાલીમ આપવાનો પ્રાયોગિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં આશરે ૧૫૦ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ સાથે ગાંધીનગર જિલ્લાની ૫૦ જેટલી બહેનોને ગ્રામ રક્ષક દળમાં જોડી આત્મનિર્ભર બને તે માટે અંજના નિમાવત દ્વારા પ્રયાસો કરવામાં આવ્યા હતા. આ સાથે સિવિલ ડિફેન્સના ક્યુઆરટી ટીમના મહાવીર નિમાવત, વનશ્રી ટ્રસ્ટના મેઘા નિમાવત અને અવની ભટ્ટ દ્વારા પણ વિવિધ માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતુ. કાર્યક્રમને ડૉ. આશા ગોહિલ તથા ગજેન્દ્રસિંહ બારડનો સહકાર સાંપડ્યો હતો જેમાં તેજસ પરમારની ટીમે નિદર્શન આપ્યું હતુ તથા સુરક્ષા સેતુ સોસાયટીના પી.સી. વાલેરાનું માર્ગદર્શન પ્રાપ્ત થયુ હતુ.

## મેયર ગ્રાન્ટના ઉપયોગ અંગે નિષ્પક્ષ તપાસ કરાવવા પિન્કીબેનની માંગ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર મહાનગર પાલિકાના કોંગી કાઉન્સીલર પિન્કીબેન પટેલે આજે મેયર ગ્રાન્ટના થયેલા દુરૂપયોગને લઈ તપાસ કરાવવાની માંગ સાથે વધુ એક પત્ર રાજયના મુખ્યમંત્રી રૂપાણીને લખ્યો છે.

શ્રીમતિ પટેલે તેમના આ પત્રમાં કમિશનરશ્રી દ્વારા ગ્રાન્ટની ફાળવણીની આંકડાકીય વિગતો આપી છે પરંતુ તેનો વપરાશ કયા કામ પાછળ થયો તેની વિગતો નહિ આપી હોવાનો ઉલ્લેખ કરી આ બાબતે નિષ્પક્ષ તપાસની માંગ કરી છે.

શ્રીમતિ પટેલે તેમના આ પત્રમાં પતંગ ખરીદી કૌભાંડનો પણ ઉલ્લેખ કર્યો છે. તેમણે જે રીતે જાહેર નાણાંનો દુવ્યવહાર શરૂ કર્યો છે તે અયોગ્ય છે અને આ બાબતે તપાસ થાય તેવી માંગને દોહરાવી જવાબદારો સામે કડક પગલાં ભરવા માંગ કરી છે.

# કોબા રીટ્રીટ બંગલામાં મહિલાનુ ખુન કરી લુંટવાના કેસમાં આરોપીને આજીવન કેદ

### વર્ષ ૨૦૧૬માં જાણભેદુ આરોપીઓ પીવાનુ પાણી માંગી ઘરમાં ઘુસી ગયા હતા : દુપટ્ટા વડે મહીલાનુ ગળુ દબાવી નિર્મમ હત્યા કરી રોકડ તેમજ સોના ચાંદીના દાગીની લુંટી ફરાર થઇ ગયા હતા

ગાંધીનગ તા ૯

કોબા સ્થિત રીટ્રીટ બંગ્લોઝમાં મહીલાની ગળુ દબાવી હત્યા કરી લુંટ કરવાના કેસમાં ગાંધીનગર કાર્ટે આરોપીને આજીવન કેદની સજા ભોગવવાનો આદેશ કર્યો છે. બંગલોમાં કામ કરતા નોકરે અન્ય બે આરોપીઓની સાથે મળી મહીલાને જાનથી મારી નાંખી સોના ચાંદીના દાગીના પણ લુંટી લીધા હતા.

તા ૧૪ ઓકટોબર વર્ષ ૨૦૧૬ ના રોજ કોબા ખાતે રીટ્રીટ સોસાયટી બંગલા નં -૯ માં રહેતા પ્રદિપભાઈ બેચરભાઈ પટેલના મકાનમાં તેમના પત્ની ચેતનાબેન પ્રદિપભાઈ પટેલ ઘરે એકલા હાજર હતા આ સમય દરમિયાન આરોપી હરેશ નવલભાઈ હીમાભાઈ ભુરિયા રેહ ધાનાર પાટીયા ગામ ડુંગરા ફળિયુ જિલ્લો દાહોદ માનજી મુળાભાઈ ભુરીયા તેમજ આરોપી સુભાષભાઈ પુનિયા ભુરિયાને લઈ ત્રણેય તેમના ઘરમાં આવ્યા હતા આરોપીઓ તેમની સાઈટ તેમજ ઘરમાં કામ કરતા હોવાથી પરિચિત હતા તેમના ઘરની તમામ પ્રક્રીયાથી વાકેફ હતા. આ દરમિયાન તેમના ઘરે આવેલા ત્રણેય આરોપીઓ પૈકી એકે મકાનનો દરવાજો ખોલાવ્યો હતો. ત્યારબાદ આરોપીએ પીવા માટે પાણી માંગ્યુ હતુ જયારે બંગલામાં હાજર ચેતનાબેન તેમના માટે પીવાનુ પાણી લેવા ગયા હતા. આ દરમિયાન આરોપીએ ગેરકાયદેસર ઘરમાં પ્રવેશ કરી ચેતનાબેન પર પાછળથી આરોપીઓએ પકડી રાખી અન્ય એક તેમનુ ગળુ દબાવી નીચે પટકાવ્યા હતા આરોપીઓએ તેમનુ મોઢુ દબાવી બચાવ કરતા અટકાવ્યા હતા. આ દરમિયાન ઝપાઝપી થઇ હતી અને આરોપી સુભાષ પુનિયાએ બાજુમાં પડેલો દુપટ્ટો લઇ મહીલાને ગળાના ભાગે બાંધી સામ સામે ખેંચીને બેરહેમી પુર્વક ટુંપો આપ્યો હતો જેથી ચેતનાબેનનુ મોત નિપજયુ હતુ. ત્યારબાદ મૃત ચેતનાબેને પહેરેલા સોનાના દાગીના બંગડી, મંગળસુત્ર સહીતના દાગીના મોબાઈલ તેમજ ચાંદીના દાગીના મળી કુલ રૂ ૫૩ હજારની લુંટ કરી હતી . ત્યારબાદ આરોપીઓ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. આરોપી હરેશ નવલ હીમાભાઈ ભુરીયા તેમજ આરોપી માનાજી મુળિયા ભુરિયા પોલીસના હાથે ઝડપાઇ ગયા હતા જયારે આરોપી સુભાષ પુનિયા ભુરિયા નાસી ગયો હતો. આ કેસ ગાંધીનગરની એડિશ્નલ ડીસ્ટ્રીકટ કોર્ટમાં ચાલી જતા ફરિયાદ પક્ષએ કુલ ૩૪ સાહેદોની તપાસ કરવામાં આવી હતી ત્યારબાદ આરોપી મુળજી ભુરિયા ભાગી ગયો હતો જેથી અલગ ચાર્જશીટ કરી આરોપી હેરશ વિરુધ્ધ કેસ ચાલ્યો હતો. આ કેસમાં અગાઉ એડીશ્નલ ડિસ્ટ્રીકટ કોર્ટમાં સરકારી વકીલ તરીકે સુનિલ પંડયાએ હાજરી આપી હતી ત્યારબાદ એડીશ્નલ ડિસ્ટ્રીકટ અને સેસન્સ જજ એસ એન સોલંકીની કોર્ટમાં કેસ ટ્રાન્સફર થયો હતો જયારે સરકારી વકીલ પ્રિતેશ ડી વ્યાસે કોર્ટ સમક્ષ દલીલો કરી હતી કે આરોપીને કાયદામાં દર્શાવેલી પુરી સજા કરવા જણાંવ્યુ હતુ. જેમાં તેમણે આરોપીઓએ લુંટના ઈરાદે એક સ્ત્રીની નિર્મમ હત્યા કરી મહીલા અને બાળકોને નિરાધાર કરી દીધા છે. સમાજમાં દાખલો બેસે તેવી સજા કરવા પણ જણાંવ્યુ હતુ જે દલીલો અને પુરવાને ધ્યાનમાં રાખી ત્રીજા એડિશ્નલ અને ડીસ્ટ્રીકટ જજ એસ એન સોલંકીએ આરોપી હરેશ નવલભાઈ ભુરિયાને આજીવન કેદની સજા ભોગવવા માટે આદેશ કર્યો છે.

## નવોદિત વાર્તા લેખકો માટે 'વાર્તા શિબિર'નું આયોજન

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર ખાતેની ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા નવોદિત વાર્તા સર્જકો માટે તા. ૧૭મી માર્ચથી તા. ૧૯મી માર્ચ દરમ્યાન જૂનાગઢ મુકામે "વાર્તા શિબિર"નું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતી વાર્તા લેખનમાં રસ ધરાવતા અને શિબિરમાં ભાગ લેવા ઈચ્છુક નવોદિત લેખકોએ તેમનુ આવેદનપત્ર તા. ૧૩મી માર્ચ સુધીમાં ઈમેલ આઈડી ramadhad13@yahoo,com. પર મોકલી આપવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

## ગાંધીનગરના બીએપીએસ ગુરૂકુળના ડૉ. નીતા શાહનું મહિલા દિને પ્રભાવશાળી વકતવ્ય

ગાંધીનગરના રાંદેસણ ખાતેના બીએપીએસ સ્વામિનારાયણ



ગુરૂકુળના નિર્દેશક ડૉ. નીતા શાહે તા. ૮મી માર્ચ વિશ્વ મહિલા દિનની ઉજવણીના ભાગરૂપે ગુજરાત સાયન્સ સિટી દ્વારા આયોજિત કાર્યક્રમમાં વર્ચ્યુઅલ ઈન્ટરેકિટવ સેશન પ્રસ્તુત કર્યુ હતું. જેને આશરે ૨૫૦૦થી વધુ દર્શકોએ ઓનલાઈન ઉપસ્થિત રહીને નિહાળ્યું હતું. ડૉ. નીતા શાહે તેમના વકતવ્યમાં મહિલા દિવસના ઈતિહાસ અંગે વાત કરતાં જણાવ્યું હતું કે તેનો પ્રારંભ ૧૯૦૯માં થયો હતો. ત્યારબાદ તેને વિશ્વ સંયુકત રાષ્ટ્ર સંઘે માન્યતા આપી હતી. ડૉ.નીતા શાહે મહારાણી અહલ્યાબાઈ હોલકર, રાણી લક્ષ્મીબાઈ અને મહિલા તબીબ આનંદી ગોપાલ જોશીની પ્રભાવશાળી વાર્તાઓ વર્ણવી હતી.

## મહા શિવરાત્રી નિમિત્તે સુંદરકાંડના પાઠ

ગાંધીનગર, તા.૯

શ્રી પીપળેશ્વર મહાદેવ મંદિર સેકટર-૩૦ના પ્રાંગણમાં શ્રી ભારતીબાપુની વ્યાસપીઠે સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લેવા ધાર્મિક જનતાને નિમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

**નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**જાહેર નિવિદા નં.૪ સને-૨૦૨૦-૨૧**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી હરણાવ પેટા વિભાગ નં.૨ વિજયનગર જી. સાબરકાંઠાની કચેરી દ્વારા રસ ધરાવતા ઈ-૨ અને ઉપરના વર્ગના રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારો પાસેથી હરણાવ યોજના અંતર્ગત અંદાજી રકમ ૧.૯૨ થી ૨.૦૨ લાખના કુલ બે કામ માટે માત્ર રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટથી ભાવો મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રકો આપવાની છેલ્લી તારીખ ૧૭/૩/૨૦૨૧ તથા ભાવો ભરેલ ભાવપત્રક પરત લેવાની છેલ્લી તારીખ ૨૨/૩/૨૦૨૧ રાખવામાં આવેલ છે. કામની વધુ વિગતો અત્રેની કચેરમાં તથા વેબસાઈટ www.statetenders.com પર જોઈ શકાશે.

નામાનિ/હિંમત/૫૪૧/૨૦૨૧

**ગુજરાત રુરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લી.**
(ગુજરાત સરકારનું સાહસ)
રજી. ઓફીસ : બ્લોક નં. ૧૭, પાંચમો માળ, ઉદ્યોગભવન, સેકટર-૧૧, ગાંધીનગર. પી.નં. ૩૮૨૦૧૭ ટે. નં. ૨૩૨૨૩૭૬૩, ૨૩૨૨૭૦૬૫

**જાહેર નિવિદા**

ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ કંપની લી., ગાંધીનગર ખાતે જરૂરીયાત મુજબનું ફર્નિચરની કામગીરી કરવા માટે ભાવો મંગાવવામાં આવે છે. આ કામગીરી માટે નિયત ફોર્મ અને સંલગ્ન માહિતી www.grimco.nrpocure.com ઉપરથી ઉપલબ્ધ થશે. જે ડાઉનલોડ કરી ફોર્મમાં દર્શાવ્યા પ્રમાણેના ઈ.એમ.ડી. સાથે ઓનલાઈન તા. ૩૦/૩/૨૦૨૧ તથા ફીઝીકલ દસ્તાવેજો સાથેની અરજી નિગમની વડી કચેરીએ તા. ૩૧/૩/૨૦૨૧ના રોજ ૩:૦૦ કલાક સુધીમાં મળી જાય એ રીતે પહોંચતી કરવાની રહેશે.

મેનેજીંગ ડીરેક્ટર
ગ્રીમકો